પ્રથમ વન ડેમાં ભારતે ન્યૂઝીલેન્ડને હરાવ્યું

ન્યૂઝીલેન્ડે મૂકેલા 301 રનના લક્ષ્યાંકને ભારતે 8 વિકેટ ગુમાવી છેલ્લી ઓવરમાં કબજે કર્યો

વિરાટના 93 રન, ગિલની પણ અડધી સદી

વડોદરા, તા. 11 (પીટીઆઈ): રવિવારે રમાયેલી ત્રણ મેચોની શ્રેણીની પ્રથમ વનડેમાં ભારતે ન્યુઝીલેન્ડ સામે 4 વિકેટે રસાકસીભર્યો વિજય મેળવ્યો હતો. વિરાટ કોહલીએ 91 બોલમાં 93 રનની શાનદાર ઈનિંગ રમી હતી, જ્યારે કેપ્ટન શુભમન ગિલે 56 રનનું યોગદાન આપ્યું હતું.

301 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ એક સમયે મજબૂત સ્થિતિમાં હતી, પરંતુ અંતિમ ઓવરોમાં સતત વિકેટો પડતા મેચ રોમાંચક બની હતી. અંતે કે એલ રાહુલે અણનમ 29 રન અને હર્ષિત રાણાએ 29 રન બનાવીને ભારતને 49 ઓવરમાં 306 રને જીત અપાવી હતી.

આ મેચ દરમિયાન વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 28000 રન પૂરા કરવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. જોકે, કોહલી પોતાની ૫૪મી સદીથી માત્ર ૭ રન દૂર રહી ગયો હતો. કાયલ જેમીસને 4 વિકેટ લઈને ભારતીય બેટિંગ લાઈનઅપને મુશ્કેલીમાં મૂકી દીધી હતી. રોહિત શર્માએ 26 રન બનાવ્યા હતા.

અગાઉ ન્યુઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા 8 વિકેટે 300 રન બનાવ્યા હતા. ડેવોન કોનવે અને હેનરી નિકોલ્સે 117 રનની મજબૂત શરૂઆત અપાવી હતી, પરંતુ હર્ષિત રાણાએ બે વિકેટ લઈને ભારતની વાપસી કરાવી હતી. ત્યારબાદ ડેરીલ મિશેલે 84 રનની લડાયક ઈનિંગ રમીને કીવી ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. ન્યુઝીલેન્ડની નબળા ફિલ્ડિંગ અને અંતિમ ઓવરોમાં છોડેલા કેચ ભારતની જીતમાં મહત્વના સાબિત થયા હતા.

ન્યૂઝીલેન્ડ	રન	બોલ	4	6
કોનવે બો હર્ષિત	56	67	6	1
નિકોલ્સ કો રાહુલ બો હર્ષિત	62	69	8	0
યંગ કો રાહુલ બો સિરાજ	12	16	0	0
મિચેલ એલબી બો પ્રસિદ્ધ	84	71	5	3
ફિલીપ્સ કો અય્યર બો કુલદીપ	12	19	1	0
હે બો પ્રસિદ્ધ	18	13	2	0
બ્રેસવેલ રનઆઉટ	16	18	1	0
ફોલ્ક્સ બો સિરાજ	1	2	0	0
ક્લાર્ક અણનમ	24	17	3	0
જેમીસન અણનમ	8	8	1	0
વધારાના	7			
કુલ (50 ઓવરમાં 8 વિકેટે)	300 રન			

વિકેટ પતન: 1-117, 2-126, 3-146, 4-170, 5-198, 6-237, 7-239, 8-281

બોલિંગ	O	M	R	W
મોહમ્મદ સિરાજ	8	0	40	2
હર્ષિત રાણા	10	0	65	2
વોશિંગ્ટન સુંદર	5	0	27	0
પ્રસિદ્ધ કૃષ્ણ	9	0	60	2
કુલદીપ યાદવ	9	0	52	1
રવિન્દ્ર જાડેજા	9	0	56	0

ભારત	રન	બોલ	4	6
રોહિત કો બ્રેસવેલ બો જેમિસન	26	29	3	2
ગિલ કો ફિલીપ્સ બો અશોક	56	71	3	2
કોહલી કો બ્રેસવેલ બો જેમીસન	93	91	8	1
અય્યર બો જેમીસન	49	47	4	1
જાડેજા કો ક્લાર્ક બો જેમીસન	4	5	0	0
રાહુલ અણનમ	29	21	2	1
હર્ષિત કો હે બો ક્લાર્ક	29	23	2	1
સુંદર અણનમ	7	7	0	0
વધારાના	13 રન			
કુલ (49 ઓવરમાં 6) વિકેટે	306			

વિકેટ પતન: 1-39, 2-157, 3-234, 4-239, 5-242, 6-279

બોલિંગ	O	M	R	W
કેલી જેમીસન	10	1	41	4
ઝેક ફોલ્ક્સ	10	0	49	0
આદિત્ય અશોક	6	0	55	1
ક્રિસ્ટન ક્લાર્ક	10	0	73	1
માઈકલ બ્રેસવેલ	8	0	56	0
ગ્લેન ફીલીપ્સ	4	0	21	0
ડેરીલ મિચેલ	1	0	7	0

ભારત-ન્યૂઝીલેન્ડ મેચમાં બાંગ્લાદેશના અમ્પાયર: લોકોએ પ્રશ્ન કર્યા

વડોદરા, તા. 11: બાંગ્લાદેશના અમ્પાયર શરફુદ્દૌલા સૈકત હાલમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની વનડે સિરીઝમાં સેવા આપી રહ્યા છે. રવિવારે વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ વનડે દરમિયાન સૈકતે ટીવી અમ્પાયર તરીકેની ભૂમિકા ભજવી હતી. અગાઉ, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ આઈસીસીને બે પત્રો લખીને બાંગ્લાદેશની ટી20 વર્લ્ડ કપની મેચો ભારતની બહાર ખસેડવાની માગ કરી હતી. બીસીબીએ આ નિર્ણય સુરક્ષાના કારણોસર લીધો હતો. આ સ્થિતિમાં એવો પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો છે કે જો ભારત સુરક્ષિત નથી તો સૈકત અહીં અમ્પાયરિંગ કેમ કરી રહ્યા છે? આ મુદ્દે સ્પષ્ટતા કરતા બીસીબી અમ્પાયર સમિતિના અધ્યક્ષ ઇફ્તેખાર રહેમાને જણાવ્યું કે સૈકત સીધા આઈસીસી સાથે કરારબદ્ધ છે. જ્યારે પણ આઈસીસી તેમને કોઈ કામ સોંપે છે, ત્યારે બોર્ડે તેમને ફરજ માટે મુક્ત કરવા પડે છે.

વિરાટ કોહલીએ સચિનને પાછળ છોડ્યો

વિરાટ કોહલીએ ન્યુઝીલેન્ડ સામેની મેચમાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 28000 રન પૂરા કરનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો છે. કોહલીએ રવિવારે પોતાની 623મી ઇનિંગમાં આ પરાક્રમ કર્યું હતું, અગાઉ આ રેકોર્ડ સચિનના નામે હતો જેણે 644 ઈનિંગમાં 28000 રન પૂરા કર્યા હતા. આ સાથે કોહલીએ શ્રીલંકાના દિગ્ગજ ખેલાડી કુમાર સંગાકારાને પાછળ છોડી દીધા છે અને હવે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો બીજા નંબરનો ખેલાડી બની ગયો છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી

	ખેલાડી	દેશ	કુલ રન
1.	સચિન તેંડુલકર	ભારત	34,357
2	વિરાટ કોહલી	ભારત	28,068
3.	કુમાર સંગાકારા	શ્રીલંકા	28,016
4	રિકી પોન્ટિંગ	ઓસ્ટ્રેલિયા	27,483
5	મહેલા જયવર્દને	શ્રીલંકા	25,957

હિટમેને 650 છગ્ગા પૂરા કર્યા

ન્યૂઝીલેન્ડ સામેની વનડેમાં રોહિત શર્માએ બે છગ્ગા લગાવીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 650 છગ્ગા પૂરા કર્યા હતા, તે આ સિદ્ધી હાંસલ કરનાર પ્રથમ ખેલાડી બન્યો છે. રોહિત સિવાય બીજા કોઈ ખેલાડીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 600 કે તેનાથી વધુ છગ્ગા નથી લગાવ્યા.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા

ખેલાડી	દેશ	મેચ (ઇનિંગ્સ)	કુલ છગ્ગા
1. રોહિત શર્મા	ભારત	506 (539)	650
૨. ક્રિસ ગેલ	વેસ્ટ ઇન્ડિઝ	483 (551)	553
3. શાહિદ આફ્રિદી	પાકિસ્તાન	524 (508)	476
4. બ્રેન્ડન મેક્કુલમ	ન્યુઝીલેન્ડ	432 (474)	398
5. જોસ બટલર	ઇંગ્લેન્ડ	397 (401)	387

WPL : ડિવાઈનના ઓલરાઉન્ડ પ્રદર્શનથી ગુજરાતે દિલ્હીને હરાવ્યું

સોફી ડિવાઇને 95 રન બનાવવાની સાથે અંતિમ ઓવરમાં બે વિકેટ ખેરવીને ગુજરાતને ચાર વિકેટે જતાડ્યું

નવી મુંબઈ, તા. 11 : મહિલા પ્રીમિયર લીગમાં આજે રવિવારે અહીં રમાયેલી એક રોમાંચક મેચમાં સોફી ડિવાઈનના ઓલરાઉન્ડ પ્રદર્શનની મદદથી ગુજરાત જાયન્ટ્સે દિલ્હી કેપિટલ્સને ચાર રને હરાવ્યું હતું. આ ગુજરાતનો બે મેચમાં બીજો વિજય છે જ્યારે દિલ્હીનો બે મેચમાં બીજો પરાજય થયો છે.

ડિવાઈને પહેલા તોફાની અડધી સદી ફટકારીને ગુજરાત જાયન્ટ્સને 209 રનના સ્કોર સુધી પહોંચાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને તે પછી તેણે બોલિંગમાં ત્રણ વિકેટ લીધી હતી. તેમાં પણ અંતિમ ઓવરમાં દિલ્હી કેપિટલ્સને જીત માટે છ બોલમાં સાત રનની જરૂર હતી અને ક્રિઝ પર દિલ્હી કેપિટલ્સની કેપ્ટન જેમિમા રોડ્રિગ્સ અને લૌરા વોલ્વાર્ડ હતા ત્યારે ડિવાઈને જેમિમા અને વોલ્વાર્ડની વિકેટ લેવાની સાથે માત્ર બે રન આપીને ગુજરાતને આ મેચ ચાર રને જીતાડી હતી. ગુજરાતના 210 રનના લક્ષ્યનો પીછો કરતી વખતે, દિલ્હી કેપિટલ્સ ઓપનર લિઝેલ લીના 86 રન, 54 બોલમાં 12 ચોગ્ગા, ત્રણ છગ્ગા 86 રન અને અને લૌરા વોલ્વાર્ડના 38 બોલમાં નવ ચોગ્ગા, ત્રણ છગ્ગા સાથે 77 રનની સાથે બંને વચ્ચે બીજી વિકેટ માટે 90 રનની ભાગીદારી છતાં પાંચ વિકેટે 205 રન જ બનાવી શક્યું હતું. આ પહેલા ડિવાઈને 42 બોલમાં 95 રન બનાવ્યા હતા. અને બેથ મૂની સાથે 94 રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. એશ્લે ગાર્ડનરે પણ 26 બોલની ઈનિંગમાં ત્રણ છગ્ગા અને ચાર ચોગ્ગા સાથે 49 રન બનાવ્યા હતા.

WPL: આજે UPW સામે RCB જીતની લય જાળવવા માગશે

નવી મુંબઈ, તા. 11 (પીટીઆઈ): મુંબઈ ઈન્ડિયન્સ સામેના પ્રથમ મુકાબલામાં કસોટીમાંથી પસાર થયા બાદ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) સોમવારે મહિલા પ્રીમિયર લીગમાં સિતારાઓથી સજ્જ યુપી વોરિયર્સ સામે પોતાની લય જાળવી રાખવાનો પ્રયાસ કરશે. સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની 2024ની ચેમ્પિયન ટીમે શુક્રવારે મુંબઈ સામે મુશ્કેલ સ્થિતિમાંથી બહાર આવીને ત્રણ વિકેટે જીત મેળવી હતી. આ મેચમાં દક્ષિણ આફ્રિકાની ઓલરાઉન્ડર નાદિન ડી ક્લર્કે અંતિમ ચાર બોલમાં બે ચોગ્ગા અને બે છગ્ગા ફટકારીને ટીમને જીત અપાવી હતી. ટીમ ડી ક્લર્ક પાસેથી યુપી વોરિયર્સ સામે પણ આવા જ પ્રદર્શનની આશા રાખશે. જોકે, ગત મેચમાં અન્ય બેટરોએ નિરાશ કર્યા હતા, તેથી મંધાના ઈચ્છશે કે તે પોતે અને ટોચના ક્રમની બેટરો રન બનાવવામાં યોગદાન આપે. ગ્રેસ હેરિસ, સ્મૃતિ મંધાના, દયાલન હેમલતા અને ઋચા ઘોષ જેવી ખેલાડીઓએ જવાબદારી નિભાવવી પડશે. બોલિંગમાં અરુંધતી રેડ્ડી અને શ્રેયંકા પાટીલ પાસેથી વધુ સારા પ્રદર્શનની અપેક્ષા રહેશે.

ટાટા સ્ટીલ ચેસ: વેસલી સોએ ટાઈટલ જીત્યું, નિહાલ સરીન રનરઅપ

કોલકાતા, તા. 11 (પીટીઆઈ): ટાટા સ્ટીલ ચેસ ઈન્ડિયા બ્લિટ્ઝ ટુર્નામેન્ટમાં રવિવારે અમેરિકન ગ્રાન્ડમાસ્ટર વેસ્લી સોએ શાનદાર સાતત્ય બતાવતા ઓપન કેટેગરીમાં ખિતાબ જીતી લીધો હતો. વેસ્લીએ એક રાઉન્ડ બાકી હોવા છતાં 12 પોઈન્ટ સાથે ટ્રોફી પોતાના નામે કરી હતી. ભારતનો નિહાલ સરીન 11 પોઈન્ટ સાથે રનર-અપ રહ્યો હતો, જ્યારે અર્જુન એરિગેસી પણ 11 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહ્યો હતો. અનુભવી ખેલાડી વિશ્વનાથન આનંદ આઠ પોઈન્ટ સાથે આઠમા સ્થાને રહ્યો હતો.

યુનાઈટેડ કપ: પોલેન્ડે રોમાંચક ફાઈનલમાં સ્વીટ્ઝર્લેન્ડને હરાવ્યું

જોકે, પ્રથમ મેચમાં પોલેન્ડની વિશ્વની નંબર વન ખેલાડી સ્વીટેકને હારનો સામનો કરવો પડ્યો હતો

બાદમાં પુરુષ સિંગલ્સ અને મિક્સ ડબલ્સ બંને મેચ જીતી પોલેન્ડે 2-1થી ટાઈટલ જીત્યું

સિડની, તા. 11 (એપી): કુલ ત્રણ મેચોના રોમાંચક જંગ બાદ પોલેન્ડે સ્વીટ્ઝરલેન્ડને 2-1થી હરાવીને 2026 યુનાઈટેડ કપનો ખિતાબ પોતાના નામે કરી લીધો છે. સિડનીમાં રમાયેલી આ ફાઈનલની શરૂઆત સ્વીટ્ઝરલેન્ડ માટે શાનદાર રહી હતી, જેમાં બેલિન્ડા બેનસિકે વિશ્વની નંબર વન ખેલાડી ઈગા સ્વીટેકને ત્રણ સેટની રસાકસી બાદ હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો. બેનસિકે પ્રથમ સેટ ગુમાવ્યા બાદ જે રીતે વાપસી કરી તેણે સ્વીટ્ઝરલેન્ડને મજબૂત સ્થિતિમાં મૂકી દીધું હતું.

જોકે, પોલેન્ડે પુરુષ સિંગલ્સમાં વળતો પ્રહાર કર્યો હતો. હ્યુબર્ટ હુરકાઝ અને અનુભવી સ્ટેન વાવરિંકા વચ્ચેની ટક્કરમાં હુરકાઝે પોતાની આક્રમક સર્વિસના જોરે જીત મેળવીને પોલેન્ડને બરાબરી પર લાવી દીધું હતું. મેચનો નિર્ણય મિક્સ ડબલ્સ દ્વારા થવાનો હતો, જ્યાં પોલેન્ડની કેટાર્ઝિના કાવા અને જાન ઝીલિન્સ્કીની જોડીએ શાનદાર તાલમેલ બતાવ્યો હતો.

તેમણે સ્વિસ જોડીને સીધા સેટોમાં હરાવીને પોલેન્ડને ટુર્નામેન્ટના ઈતિહાસમાં પ્રથમ વખત વિજેતા બનાવ્યું હતું. સતત બે વર્ષ રનર્સ-અપ રહ્યા બાદ પોલેન્ડ માટે આ વિજય ખૂબ જ યાદગાર રહ્યો છે.

ફોર્મ્યુલા-ઈ રેસિંગ: મોર્ટારાએ મહિન્દ્રાને આ સિઝનનું પ્રથમ મેડલ અપાવ્યો

મેક્સિકો, તા. 11 (પીટીઆઈ): એડુઆર્ડો મોર્ટારાએ ઇલેક્ટ્રિક રેસિંગ સિરીઝના બીજા રાઉન્ડમાં રવિવારે બીજું સ્થાન મેળવીને મહિન્દ્રા રેસિંગને વર્તમાન ફોર્મ્યુલા ઈ સીઝનનું પ્રથમ પોડિયમ સ્થાન અપાવ્યું છે. આ ભારતીય ટીમના બીજા ડ્રાઈવર નિક ડી વ્રીઝ જોકે રેસ પૂરી કરી શક્યા ન હતા. સિટ્રોએન રેસિંગના નિક કેસિડીએ શાનદાર વ્યૂહરચના અને ડ્રાઈવિંગનું પ્રદર્શન કરીને 12 સ્થાનની છલાંગ લગાવી હતી અને મોર્ટારા તથા નિસાનના ઓલિવર રોલેન્ડથી આગળ રહીને રેસ જીતી લીધી હતી. રેસ બાદ મોર્ટારાએ જણાવ્યું કે નિકે ખરેખર શાનદાર રેસિંગ કરી હતી. રેસની વચ્ચે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

સબાલેન્કાએ બ્રિસબેન, એલિનાએ ઓકલેન્ડમાં ટાઈટલ જીત્યું

શાનદાર પ્રદર્શન કરી બંનેએ પોતે ઓસ્ટ્રેલિયન ઓપન માટે તૈયાર હોવાનું દર્શાવી દીધું

બ્રિસબેન, તા. 11 (એપી): ટોચનું રેન્કિંગ ધરાવતી આર્યના સબાલેન્કાએ રવિવારે માર્તા કોસ્તયુકને સીધા સેટોમાં હરાવીને સતત બીજી વખત બ્રિસબેન ઈન્ટરનેશનલનો ખિતાબ પોતાના નામે કર્યો છે. આ તેની કારકિર્દીની કુલ 22મી ટ્રોફી છે. સબાલેન્કા સતત ત્રીજા વર્ષે આ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી હતી અને બેલારુસની આ ખેલાડીએ પેટ રેફ્ટર એરિનામાં માત્ર એક કલાક અને 17 મિનિટમાં 6-4, 6-3થી જીત મેળવી હતી. ઉલ્લેખનીય છે કે બ્રિસબેન ઈન્ટરનેશનલ એ 18 જાન્યુઆરીથી શરૂ થનારા ઓસ્ટ્રેલિયન ઓપન માટેની પૂર્વ તૈયારી સમાન ટુર્નામેન્ટ છે.

આ તરફ વેલિંગ્યુટનમાં કેનની એલિના સ્વિતોલિનાએ રવિવારે ઓકલેન્ડમાં રમાયેલી એએસબી ક્લાસિકમાં જીત મેળવીને પોતાની કારકિર્દીનું 19મું ડબલ્યુટીએ ટૂર ટાઈટલ જીતી લીધું છે. ટોચની સિડ ધરાવતી સ્વિતોલિનાએ ફાઈનલ મેચમાં ચીનની સાતમી ક્રમાંકિત વાંગ શિનયુને 6-3, 7-6થી હરાવી હતી. 13મી રેન્કિંગ ધરાવતી સ્વિતોલિના માટે આ તેના 24 ફાઈનલ મુકાબલાઓમાંથી 19મો ખિતાબ રહ્યો હતો.

સુડોકુ - 'કૃતિ'

૫	૩			૨			૬	૮
	૨		૫		૬			૧
૯	૬		૭	૩	૮	૫	૨	૪
૩	૫			૬		૪		૭
		૨			૫			
		૬		૮				
	૯			૧	૭	૮	૪	
૨		૩			૪			૬
૪		૮		૯				

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૫	૩	૧	૬	૨	૯	૭	૪	૮
૬	૭	૮	૩	૧	૪	૯	૫	૨
૯	૪	૨	૮	૭	૫	૩	૬	૧
૮	૬	૩	૧	૫	૨	૪	૭	૯
૭	૨	૫	૯	૪	૩	૬	૧	૮
૧	૯	૪	૭	૬	૮	૨	૩	૫
૩	૮	૬	૨	૯	૧	૫	૭	૪
૨	૫	૭	૪	૩	૬	૮	૯	૧
૪	૧	૯	૫	૮	૭	૧	૨	૬

સુડોકુ ૧૭૪૦૨૬

શબ્દગુંફન - ૭૧૪૩

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. કિંમત ન કરી શકાય તેવું (૪)
૪. રહેવાનું સ્થળ (૨)
૬. જાણકાર (૩)
૮. પર્વત કે સરોવર પરથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૯. શૂરવીર, ધીંગું (૪)
૧૧. જીભ, ભાષા (૩)
૧૨. પાણીનો કુંડ (૨)
૧૩. પાંદડું, પર્ણ (૨)
૧૪. ટાઢું, ઠંડું (૨)
૧૬. દુઃખની કહાણી (૫)
૧૮. પોષનારું, પાળનાર (૩)
૧૯. વીસ ઘા કાગળ (૨)
૨૦. પ્રત્યેક, દરેક (૨)
૨૧. રીત, પદ્ધતિ (૩)
૨૩. એક રૂપાળું પંખી (૨)
૨૪. ફળ કે ઝાડના થડનો ગર્ભ (૨)
૨૭. કર્તવ્ય (૩)
૨૯. જુદી જુદી જાતની રમતો (૬)
૩૪. અમોલ પાલેકર - વિદ્યાસિંહાની એક ફિલ્મ (૫)

ઊભી ચાવી
૧. ભમરો (૨)
૨. આગેવાન (૩)
૩. જમીન, ભોમકા (૨)
૫. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૭. ચાર ગાઉ બાર કિલોમીટર (૩)
૯. ઘરડું પણ ન થાય કે મરે પણ નહિ તેવું (૫)
૧૦. દુનિયા, માણસજાત (૩)
૧૩. જળ, નીર (૨)
૧૫. નસીબ, ભાગ્ય (૪)
૧૭. નુકસાન (૨)
૧૮. અંત, છેડો (૨)
૨૦. શબ્દ, બોલ (૩)
૨૨. હંમેશ, નિરંતર (૩)
૨૪. હાથી (૨)
૨૫. ફૂલો વિગેરેની માળા (૨)
૨૬. આકાશ (૨)
૨૮. રાત્રિ (૩)
૩૦. એક નદી (૨)
૩૧. ચાલ, ઝડપ (૨)
૩૨. મસ્ત, ઘરાયેલું (૨)
૩૩. ''બોલ... બોલ '' (૨)

૯૧૮૦ - ૨૬૧૩ મફ્રિંગાર

આજનું પંચાંગ

તા. 12/01/2026, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** પૌષ
તિથિ: વદ: નોમ: 12:43
રાષ્ટ્રિય દિનાંક : પૌષ : 22 **અયન :** ઉત્તરાયન
ઋતુ : શિશિર **નક્ષત્ર :** સ્વાતિ: 21:05
યોગ : ધ્રુવ **કરણ:** વણિજ
રાશિ: તુલા (ર.ત.)
દિવસ : મિશ્ર- સ્વામિ વિવેકાનંદ જયંતી- શુક્ર મકરમાં: 27:59
સુરતમાં સૂર્યોદય : 07:20 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:14 **નવકારસી:** 08:08
પારસી વર્ષ : 1395, શેહરેવર માસનો પ્રથમ રોજ
મુસલમાન વર્ષ: 1447, રજ્જબ માસનો 22મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સવારે : 07:30 થી 09:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): જીવન સાથી સાથે આર્થિક વ્યવહાર બાબતે વિવાદ થઈ શકે છે. રોજનાં કામ અનુકૂળ રહેશે. આવક વધશે.

વૃષભ (બ,વ,ઉ,): નોકરીમાં જવાબદારી વધે. ઉપરી વર્ગની સલાહ માનવી. આરોગ્ય નરમ રહે અને હરીફોની હેરાનગતિ વધે.

મિથુન (ક,છ,ઘ,): ઉત્સાહજનક સમાચાર મળે. મિત્રોની મદદ વ્યવસાયમાં મળે. પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવી શકે છે.

કર્ક (ડ,હ,): પ્રવાસનો હેતુ પાર પડે. રાજકીયમદદ મળી શકે છે. વારસાના કામ થાય. નવા ઘર, વાહન બાબતે પ્રગતિ થાય.

સિંહ (મ,ટ,): પ્રવાસ દલાલી, ટ્યુશન, ટેકનોલોજીને લગતાં કામમાં પ્રગતિ થાય. જીવનસાથી સાથે મનોરંજન પ્રવાસ થાય.

કન્યા (પ,ઠ,ણ,): હાથ પરનાં કામ પાર પડે. ઉઘરાણી આવે. નવા રોકાણથી લાભ થાય. પારિવારિક પ્રશ્નો હલ થઈ શકે છે.

તુલા (ર,ત,): મન અને વિચાર અસ્થિર રહે. રોમેન્ટીક મુલાકાત થાય. નવા કામની તક મળે. નોકરીમાં કામનો બોજ વધશે.

વૃશ્ચિક (ન,ય,): આરોગ્યની ચિંતા અને ખર્ચા વધશે. સંતાનોની સમસ્યા સતાવે. ધર્મ-કર્મથી શાંતિ મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં તાલમેલ અને વિશ્વાસ વધશે. નવા મિત્રોથી સાવધાન. રાજકીય પ્રશ્નો હલ થાય. મિત્રોનો સાથ મળે.

મકર (ખ,જ,): સંપત્તિ, નોકરી અને જાહેર તથા સમાજજીવનને લગતા પ્રશ્નો સતાવે. અચાનક અડચણો દૂર થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. અચાનક મિત્રો, સ્વજનો સાથે સ્વાદિષ્ટ ભોજનનો લાભ મળે.

મીન (દ,ચ,ઝ,થ,): ગુસ્સા પર કાબૂ અને વિજાતિય આવેગથી સાવધાન રહેવું. નોકરીમાં સહકાર મળે. ખર્ચા વધશે.

કોઇ પણ સાલમાં 12 જાન્યુઆરિએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પણ નવા ફેરફારથી દોડધામ વધારનાર રહેશે. નવી ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડે. સામાજિક અને પારિવારિક સમસ્યાઓ અશાંતિ વધારે. કુટુંબની અપેક્ષાઓ કામનો બોજ વધારશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં હરીફો વધે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. સરકારી કામ કોર્ટ, કચેરીમાં મદદ મળે. વિદ્યાર્થીઓની મહેનત ફળે. વિદેશનો કામ ધીમાં પડે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. સંતાનોના અભ્યાસ- કેરિયરમાં પ્રગતિ થાય. વડીલો- મિત્રોની મદદ સમાજ, કાયદા, વારસા-જાયદાદ, જમીન જેવા ઝઘડામાં મળે. વધારાની આવક માટે મદદ મળતી રહે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. ફેબ્રુઆરી- માર્ચ અને નવેમ્બર-ડિસેમ્બરની 03, 12,21, 30 અને ગુરુ-શુક્રવારે નવાં કામ કરવાં. જૂન-જુલાઈ અને 2,11,20, 29 એ નવો કામ ટાળવા. પીળો-જાંબલી અને સોનેરી રંગનો ઉપયોગ કરતા રહેવું. લાલ-નીલો રંગ ટાળવો. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મની શાંતિ મળે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

પ્રાણી કરડે

આમ તો કૂતરો અત્યંત વફાદાર પાળેલા પ્રાણીમા પહેલા નંબર પર છે. પણ રખડપટ્ટી કરતા પ્રાણીઓ પાસે વફાદારી અને પ્રેમની અપેક્ષા રાખવી યોગ્ય નથી. આજ કાલ કૂતરા કરડવાના સમાચાર ખૂબ આવે છે. સારવાર ન લીધી હોય તો હડકવા ઉપડવા અને મૃત્યુ ના સમાચાર પણ હોય છે. સાહિત્યમા એના ઉપાય જોવા મળે છે પણ કોઈ વૈજ્ઞાનિક આધાર વિના. જીવ વિજ્ઞાનના સંશોધકો માટે આજની આ નોંધ છે. અંકોલ, આકડો, ખરસાણી થોર, ચિત્રક આ માટે ઉપયોગી ગણાઈ છે. વિજ્ઞાનીઓ ને આવાહન કરું છું. અંકોલ ના પાન અને મરી પાંચ, પાંચ ગ્રામ વાટી રોજ 3 વાર ચટાડવું.

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત
એકશન, સંવાદોની રમઝટ
રાજાસાબ
* પ્રભાસ * સંજયદત્ત * નિધિ અગ્રવાલ
૧૦.૩૦, ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, રાત્રે ૧૦.૦૦
જય કનૈયાલાલ કી
ગુજરાતી : ૫.૪૫, રાત્રે ૯.૦૦
ધુરંધર
૨.૦૦, રાત્રે ૯.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ફકત રૂ. ૮૦/- થી શરૂ
એકશન, સંવાદોની રમઝટ
રાજાસાબ
* પ્રભાસ * સંજયદત્ત * નિધિ અગ્રવાલ
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, રાત્રે ૯.૪૫
અક્ષયખન્નાનો જોરદાર રુવાબ...
ધુરંધર
* રણવીરસિંહ * સંજયદત્ત * અર્જુન રામપાલ
૧૨.૧૫, ૩.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છ